# ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતી મહોત્સવના ઉપલક્ષ્યમાં રાજભવનમાં વ્યસન મુક્તિ પર સેમિનારનું આયોજન કરાયું

તા. ૬/૧૦/૨૦૧૮, રાજભવન, ગાંધીનગર.

ગાંધીજીની ૧૫૦મી જયંતી મહોત્સવના ઉપલક્ષ્યમાં ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ. પી. કોહલીના અધ્યક્ષ સ્થાને રાજભવનમાં “વ્યસન મુક્તિ, સ્વસ્થ જીવન જિને કા તરીકા” વિષય પર એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ સેમિનારમાં સરસ્વતી આશ્રમ, રાજકોટના સ્વામી પરમાત્માનંદજી મહારાજની વિશેષ ઉપસ્થિતિ હતી.

રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જયંતી મહોત્સવના ઉપલક્ષ્યમાં વ્યસન મુક્તિથી સંબંધિત જન જાગૃતિ કાર્યક્રમ ૨ ઓક્ટોબર થી એક સપ્તાહ દરમિયાન વિશેષરૂપ થી ઉજવવામાં આવી રહ્યા છે.

ગાંધીજીને પ્રિય સમાજ સુધારણા અને રચનાત્મક કાર્યક્રમોમાંથી એક નશાબંધી કાર્યક્રમ છે. તેમણે જણાવ્યું હતું કે સમાજનાં દારૂ અને નશીલા પદાર્થોની બદીને દૂર કરવામાં આપણે સૌ જન જાગૃતિના કાર્યક્રમોને મહત્વ આપવું જોઇએ. ઘર-સમાજમાં બાળપણથી આવી સામાજિક બદીઓથી બાળકોને જાણકાર બનાવવા જોઇએ જેથી આવી બદીઓથી બાળકો હમેશા દૂર રહે.

આ પ્રસંગે સ્વામી પરમાત્માનંદજી મહારાજે તેમના આશિર્વચનમાં વ્યક્તિના કોઇપણ પ્રકારના નશા કે વ્યસનથી કુટુંબ અને સમાજને જે સહન કરવું પડે છે, તેની જાણકારી આપી હતી.

મનોચિકિત્સક ડો. દર્શન પટેલે વ્યસનના પ્રકારો અને તેનાથી ઉદભવતી સમસ્યાઓ અને તેના ઉપાયોની વિસ્તૃત ચર્ચા કરી હતી. નશાબંધી અને આબકરી વિભાગના નિયામક શ્રી સુનિલ કુમારે નશાબંધી અંગે જન જાગૃતિના સરકાર દ્વારા હાથ ધરાયેલ વિવિધ પ્રયાસોની માહિતી આપી હતી.

આ પ્રસંગે વ્યસન અને નશીલા પદાર્થોના સેવનથી ઉભી થતી આર્થિક-સામાજિક સમસ્યાઓનું નિરૂપણ કરતી ટુંકી ફિલ્મની પ્રસ્તુતી કરવામાં આપી હતી.

આ સેમિનારમાં રાજભવન પરિવારનાં અધિકારીઓ-કર્મચારીઓ તથા તેમના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતાં.

-----------------------